<u>ક્રો.પ.અ.નં. ૧૨૦૭૫ / ૨૦૨૬</u>

**<u>અડાજણ પોલિસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૦૦૦૩૨૬૦૭૧૨ / ૨૦૨૬ , ગુન્હો :–</u> બી એન એસ ની કલમ ૩૦૫ ( એ ) <u>, ૩૩૧</u> ( ૪ )<u>, ૫૪</u> <u>મુજબના ગુનાના કામે જામીન અરજી હેઠળ હુકમ :–</u>**

(૧) આ કામના અરજદાર/આરોપી સામે ફરીયાદ હકીકત મુજબનો ગુનો નોંધાયેલ, જે ગુનાના કામે ઉપરોકત અરજદાર/આરોપીએ જામીન ઉપર મુકત થવા માટે હાલની જામીન અરજી કરેલ છે.

(૨) જામીન અરજી તથા કેસ પેપર્સ ધ્યાને લીધા. અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ને તથા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી. ને સાંભળ્યા.

(૩) બચાવ પક્ષના વિ.વ.શ્રી દલીલ કરતા જણાવે છે કે હાલના આરોપી ગુન્હા અંગે કાંઈ જાણતા નથી, તેઓ તદ્દન નિર્દોષ છે, કુટુંબ–કબીલાવાળા વ્યકિત છે, સ્થાનિક રહેવાસી છે કયાય નાસી ભાગી જાય તેમ નથી, સાક્ષી પુરાવા સાથે ચેડા કરશે નહિ, તમામ શરતો પાળવા તૈયાર છે તેવી રજુઆત કરી અરજદાર/આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે.

(૪) વિ.એ.પી.પી. શ્રી તેમની દલીલમાં જણાવે છે કે આરોપી વિરૂધ્ધ ગંભીર પ્રકારનો ગુન્હો નોં ધાયેલ છે, આરોપી નાસી ભાગી જાય તેમ છે, પુરાવા સાથે ચેડા થાય તેમ છે, સમાજનું હિત જોખમાય તેમ છે, જેથી જામીન અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે.

(૫) ઉપરોકત તમામ દલીલ તથા રેકર્ડ ધ્યાને લીધુ. હાલના અરજદાર/આરોપી પર ફરીયાદમાં કરાયેલા આક્ષેપ મુજબ હાલના આરોપીએ શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. જામીન અરજી નકકી કરતા સમયે આરોપીની બંધારણીય સ્વતંત્રતા તથા ગુનાની ગંભીરતા તથા તેની અસરો વચ્ચે સંતુલન જાળવી નિર્ણય કરવાનો હોય છે. હાલના આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલા ગુનાના કૃત્યમાં ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઈ જોતા તેમજ આક્ષેપાયેલ ગુનાની સામાજીક જનજીવન પર અસર તથા સમાજનું હિત જોતા તેમજ હાલના આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ કૃત્યમાં જો આરોપીને જામીન ઉપર છોડવામાં આવે તો સમાજમાં આવા ગુનાની ગંભીરતા ઓછી અંકાય, એટલું જ નહિ પરંતુ આવી પ્રવૃતિને વેગ મળે. વધુમાં, હાલના આરોપીને જામીન મુકત કરાય તો ભવિષ્યમાં આવી વધુ પ્રવૃતિ કરે તેવું જણાતું હોય તેમજ આવી પ્રવૃતિમાં અન્ય વ્યકિતને સાંકળે તેવી સંભાવના જણાતી હોય તેમજ હાલના કેસમાં તપાસ હજુ ચાલુ છે, આરોપી વિરૂધ્ધ પ્રથમદર્શનીય કેસ છે. આમ, ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ, આરોપીએ ગુનામાં ભજવેલ સક્રિય રોલ તથા ગુનાની સમાજ પર થતી અસર જોતા બી.એન.એસ.એસ. ૨૦૨૩ ની કલમ–૪૮૦ (ક્રિ.પ્રો.કોડ કલમ–૪૩૭) અન્વયે અપાયેલ જામીન અંગેની ન્યાયિક વિવેકાધીન સત્તા હાલના અરજદાર/આરોપીની તરફેણમાં વાપરવા ન્યાયોચિત જણાતુ ન હોય, સબબ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

અરજદાર/આરોપી– <u>ડેનિશ ભુપતભાઇ ઘોઘારી</u> ની હાલની જામીન અરજી આથી **નામંજૂર યાને રદ્દ** કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** ૧૭.૦૭.૨૦૨૬

**સ્થળ :** સુરત

**(મયુર સુભાષભાઈ ગેલોદ)**

૧૩ મા એડીશ્નલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, સુરત

કોડ નં.જી.જે.૦૧૭૫૬